જા.નં./શા.પ્ર./૨૦૨૬/ ૪૪૩૯

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ-૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઇન્સ, સુરત.
તા. ૧૯/૦૬/૨૦૨૬.

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત શહેરની ખાનગી પ્રાથમિક શાળાઓ,
સરકારી તથા બિનસરકારી અનુદાનિત અને
ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ
સુરત, જિ.સુરત

પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગરનાં પત્ર ક્રમાંક : પ્રાશિનિ/ચ-૧/પ્રવેશોત્સવ/૨૬-૨૭/૧૯૩૯-૨૦૨૫ તા.૧૨/૦૬/૨૦૨૬નાં પત્રથી વર્ષ ૨૦૨૬-૨૭નો શહેરી વિસ્તારનો અને ગ્રામ્ય વિસ્તારનો સંયુક્ત કન્યા કેળવણી મહોત્સવ અને "શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ" તારીખ ૨૩, ૨૪ અને ૨૫ જૂન-૨૦૨૬ (મંગળવાર, બુધવાર અને ગુરુવાર) દરમિયાન યોજવાનું આયોજન કરેલ છે. આ યોજાનાર શાળા પ્રવેશોત્સવ અન્વયે **માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલ દ્વારા રાજ્યના વિદ્યાર્થીઓ અને વાલીઓને** શુભેચ્છા સંદેશ જાહેર કરેલ છે જે આ સાથે સામેલ છે. સદર શુભેચ્છા સંદેશથી શાળાના તમામ વિદ્યાર્થીઓ અને વાલીઓ અવગત થાય અને તેનાં સુધી પહોચે તે મુજબની કાર્યવાહી કરવા અત્રેથી જણાવવામાં આવે છે.

બિડાણ : ઉપર મુજબ

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત.

ભૂપેન્દ્ર પટેલ
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

सत्यमेव जयते

## સંદેશ

**विद्यां ददाति विनयं, विनयाद् याति पात्रताम्।**
**पात्रत्वाद्धनमाप्नोति, धनाद्धर्मं ततः सुखम्॥**

રાષ્ટ્રના ઉજ્જવળ ભવિષ્ય સમાન વહાલા ભૂલકાં આજે શાળા પરિસરમાં પોતાનું પ્રથમ ડગ માંડી રહ્યાં છે, એવા મંગલ અવસરે ભૂલકાં અને વાલીગણને 'શાળા પ્રવેશોત્સવ'ના વધામણાં સહ હાર્દિક શુભેચ્છા. અક્ષરજ્ઞાનની સાથે જીવન ઘડતર અને રાષ્ટ્ર નિર્માણનો મજબૂત પાયો શિક્ષણથી જ સર્જાય છે.

આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા, ત્યારે તેમણે શરૂ કરેલી 'શાળા પ્રવેશોત્સવ'ની પહેલથી આજે પ્રત્યેક નાગરિકોમાં શિક્ષણ પ્રત્યે જાગરૂકતાની સાથે સાથે આદરભાવનો સંચાર થયો હોવાનું તાદૃશ્ય થઈ રહ્યું છે. આ પહેલથી શાળા પ્રવેશોત્સવ એ માત્ર એક સરકારી કાર્યક્રમ જ નહીં, પરંતુ શિક્ષણ પ્રત્યેનો ભાવનાત્મક સેતુ પુરવાર થયો છે.

શાળા પ્રવેશોત્સવથી ગુરુજનો સાથે માત્ર બાળકો જ નહીં પરંતુ તેના માતા-પિતાનો પણ સંબંધ કેળવાય છે. આ અવસરે મારી ગુરુજનોને નમ્ર અપીલ છે કે બાળકો ભણવાની સાથે સાથે જ્ઞાન-ગમ્મત કરતા રહે, તેમનામાં નવા વિચારોનું અંકુરણ થાય, રમતગમતમાં ઓતપ્રોત થતાં શારીરિક-માનસિક વિકાસ સાધે અને તેમનામાં સંસ્કાર, સદગુણો અને સામાજિક જવાબદારીનું સિંચન પણ થાય એવું વાતાવરણ આપણે સાથે મળીને ઊભું કરીએ.

માનનીય વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં આઝાદીના શતાબ્દી વર્ષ ૨૦૪૭ સુધીમાં આપણે એક આત્મનિર્ભર અને વિકસિત ભારતના નિર્માણનો સંકલ્પ લીધો છે. આજે બાળકો આંગણવાડી-શાળામાં પ્રવેશ મેળવી રહ્યા છે, ભવિષ્યમાં તેમના પ્રયાસોથી જ રાષ્ટ્ર નવી ઊંચાઈ હાંસલ કરશે. આપણી આ ભાવિ પેઢીના જીવનને જ્ઞાનના સિંચનથી શિક્ષકો રાષ્ટ્રનિર્માણમાં પોતાનું બહુમૂલ્ય યોગદાન પૂરું પાડી રહ્યા છે.

બાળકો, તેમના માતા-પિતા અને શિક્ષકોને શાળા પ્રવેશોત્સવના આ અવસરે હાર્દિક શુભકામના પાઠવું છું.

આપનો,

(ભૂપેન્દ્ર પટેલ)

મુખ્યમંત્રી કાર્યાલય (ISO 9001:2015 પ્રમાણિત)
૩જો માળ, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર- ૩૮૨ ૦૧૦, ગુજરાત
ફોન: +૯૧ - ૭૯ - ૨૩૨૫૦૦૭૩-૭૪, ફેક્સ: +૯૧ - ૭૯ - ૨૩૨૨૨૧૦૧ www.gujaratindia.com